ડીઝલના ભાવને અંકુશ મુક્ત કરાશે

નવીદિલ્હી, તા. ૬

તીવ્ર મોંઘવારીનો સામનો કરી રહેલાં સામાન્ય લોકો સામે ટૂંક સમયમાં જ વધુ બોજ ઝીંકાય તેવા સંકેત દેખાય રહ્યા છે. મળેલી માહિતી મુજબ સરકાર ૧૯ જુલાઈએ યોજાનારી રાષ્ટ્રપતિની ચૂંટણી બાદ ડીઝલની કિંમતોને આંશિક રીતે અંકુશમુક્ત કરે તેવી શક્યતા છે. આ ઉપરાંત જંગી મહેસૂલી ખાદ્યને કાબુ લેવા માટે શ્રેણીબદ્ધ પગલાં લેવામાં આવશે. વર્તમાન ખાતાકીય ખાદ્યને ડામવા માટે પણ પગલાં લેવામાં આવશે. વિશ્વસનીય સૂત્રોએ કહ્યું છે કે, પ્રણવ મુખર્જીએ રાષ્ટ્રપતિની ચૂંટણી લડવા માટે નાણામંત્રી તરીકે રાજીનામું આપી દીધાં બાદ મનમોહનસિંહ નાણાખાતું સંભાળી રહ્યા છે. હવે મનમોહનસિંહ પ્રતિ લીટર સબસીડી મર્યાદા બેવડી નાણાંકીય ખાદ્યને રોકવા લાગુ કરે તેવી શક્યતા છે. સત્તાવાર સૂત્રોનું કહેવું છે કે, ઈંધણ ભાવસુધારા જરૂરી બની ગયા છે. કોઈપણ સમયે પગલાં લેવામાં આવશે પરંતુ રાષ્ટ્રપતિની ચૂંટણી સુધી રાહ જોવામાં આવે તેવી વકી છે. સરકાર દ્વારા પ્રતિલીટર આધાર પર સબસીડી નક્કી કરવા, ડીઝલની કિંમતોમાં વધારો કરવા, ડીઝલને સંપૂર્ણપણે અંકુશમુક્ત કરવા અથવા તો ટાર્ગેટેડ સબસીડી આપવા સહિતનાં તમામ વિકલ્પ ઉપર વિચારણા કરી રહી છે. જોકે હાલનાં સમયે ડીઝલની કિંમતોને આંશિક રીતે અંકુશમુક્ત કરવામાં આવે તેવી શક્યતા દેખાય રહી છે.

સબસીડી પ્રતિલીટર નક્કી કરવામાં આવશે. મુખ્ય આર્થિક સલાહકાર કૌશિક બસુના નેતૃત્વમાં ફુગાવા અંગે આંતરપ્રધાન ગ્રુપ નવી વ્યવસ્થા અંગે રિપોર્ટ તૈયાર કરવામાં વ્યસ્ત છે. અંતિમ નિર્ણય પેટ્રોલિયમ અને નાણા મંત્રાલય સાથે વાતચીત કર્યા બાદ લેવામાં આવશે. હાલમાં ડીઝલની કિંમતોને અંકુશમુક્ત કરવા વ્યાપક ચર્ચા ચાલી રહી છે. આ ઉપરાંત મલ્ટીબ્રાન્ડ રિટેલમાં એફડીઆઈ અંગે પણ નિર્ણય લેવામાં આવે તેવી શક્યતા છે. બસુના નેતૃત્વમાં ટીમ દ્વારા કરવામાં આવેલાં આર્થિક સર્વેમાં જણાવવામાં આવ્યું છે કે, ઓઈલ માર્કેટીંગ કંપનીઓ દ્વારા વેચવામાં આવતાં ડીઝલનાં દરેક લીટર ફિક્સ્ડ સબસીડી વચગાળાની રાહત હોઈ શકે છે. સંપૂર્ણપણે ડીઝલની કિંમતને અંકુશમુક્ત કરવાનાં બદલે હાલ ફિક્સ્ડ સબસીડીની તરફેણ કરવામાં આવી રહી છે. એજન્ડામાં રહેલાં અન્ય મુદ્દાઓમાં એલપીજી સબસીડીમાં કાપ, ખાતર અને યુરિયા સુધારા, વિદેશી સીધા મૂડી રોકાણ માટે મલ્ટીબ્રાન્ડ રિટેલને ખોલવા, વીમા અને પેન્શન સુધારામાં એફડીઆઈ મર્યાદાને વધારવા, ડીસઈન્વેસ્ટમેન્ટનાં કાર્યક્રમને ઝડપથી આગળ વધારવાનો સમાવેશ થાય છે. અધિકારીઓએ કહ્યું છે કે, સરકાર મલ્ટીબ્રાન્ડ રિટેલ એફડીઆઈનાં કેસમાં સર્વસંમતિ સાધવાનાં પ્રયાસમાં છે. દેશમાં વધુ એફડીઆઈ લાવવાથી રૂપિયાને સ્થિર કરવામાં મદદ મળી શકે છે અને સાથે સાથે વર્તમાન ખાતાકીય ખાદ્યને ઘટાડી શકાય છે. વધુ વિદેશી મૂડી પ્રવાહ બજારની સ્થિતિને સુધારવામાં પણ ભૂમિકા ભજવી શકે છે. આનાથી ડિસઈન્વેસ્ટમેન્ટનાં કાર્યક્રમને ઝડપથી આગળ વધારી શકાય છે. અંદાજ મુજબ જીડીપીનાં ૫.૧ ટકા સુધી નાણાંકીય ખાદ્યને મર્યાદિત કરવાનો પણ હેતુ છે. મંત્રાલય વર્ષ ૨૦૧૨-૧૩માં જીડીપીનાં ૨ ટકાથી નીચે સબસીડીને લઈ જવાની યોજના ધરાવે છે. આ ઉપરાંત નાના ખર્ચકાપનાં પગલાં પણ લેવામાં આવનાર છે.

ભ્રષ્ટાચારમાં વધારો થયો નથી : વડાપ્રધાન

નવીદિલ્હી, તા. ૬

વડાપ્રધાન મનમોહનસિંહે આજે એવા આક્ષેપોનો રદિયો આપ્યો હતો કે, તેમનાં નેતૃત્વ હેઠળ યુપીએ સરકારમાં મોટાપાયે ભ્રષ્ટાચાર પ્રવર્તે છે. સિંહે કહ્યું હતું કે, તેમનાં આચરણમાં ઉંચા ધારાધોરણો જાળવી રાખવામાં આવ્યાં છે. એક અગ્રણી અખબાર સાથેની વાતચીતમાં સિંહે કહ્યું હતું કે, તેમનાં નેતૃત્વમાં ભ્રષ્ટાચારમાં કોઈ વિસ્ફોટ થયો છે તેવા અહેવાલ પાયા

વગરનાં છે. ભ્રષ્ટાચારને રોકવા માટે બનતાં તમામ પગલાં લેવામાં આવી રહ્યાં છે. મનમોહનસિંહ ઉપર ટુજી કૌભાંડ અને કોમનવેલ્થ ગેમ્સ કૌભાંડની અવગણના કરવાનો આક્ષેપ થઈ ચૂક્યો છે. વડાપ્રધાને કહ્યું હતું કે, મીડિયામાં પ્રકાશિત થયેલાં અહેવાલ પાયાવિહોણા છે. સિંહે સમતુલિત અહેવાલ પ્રકાશિત કરવા તથા આધાર વગરનાં અહેવાલ ન આપવા મીડિયાને અપીલ કરી હતી, તેમણે ઉમેર્યું હતું કે, રાઈટ ટુ ઈન્ફર્મેશન, જાહેર પ્રાપ્તિ બિલ, વીટ્સ બ્લોયર બિલ, લોકપાલ બિલ, જ્યુડિશીયલ એકાઉન્ટાબિલીટી બિલ જેવાં પગલાં લઈને યુપીએ સરકારે અસરકાર નીતિ અપનાવવાનાં પ્રયાસો કર્યા છે. આ તમામ કાયદા સરકારમાં પારદર્શકતા લાવવા સાથે સંબંધિત છે. સિંહે કહ્યું હતું કે, રાઈટ ટુ ઈન્ફર્મેશન એક ઐતિહાસિક પગલું છે જેનાં માટે કોંગ્રેસ પાર્ટી અને તેનાં પ્રમુખ સોનિયા ગાંધીને પેઢીઓ સુધી યાદ કરવામાં આવશે.

માયાવતીને રાહત : સીબીઆઈ તપાસ રદ કરાઈ

નવીદિલ્હી, તા. ૬

ઉત્તર પ્રદેશના ભૂતપૂર્વ મુખ્યમંત્રી માયાવતીને આજે મોટી રાહત મળી ગઈ હતી. કારણ કે સુપ્રીમ કોર્ટે સાફ શબ્દોમાં કહ્યું હતું કે અપ્રમાણ સંપત્તિ કેસમાં બહુજન સમાજપાર્ટીના વડા માયાવતી સામે કોઈપણ પ્રકારના પુરાવા નથી. સુપ્રીમ કોર્ટે આ પ્રકારની પ્રતિક્રિયા આપતા માયાવતીના સમર્થકોમાં પણ રાહતનું મોજું ફરી વળ્યું હતું. માયાવતીની સામે સીબીઆઈ તપાસને સુપ્રીમ કોર્ટે રદ કરી નાખી હતી. સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે માયાવતીના અપ્રમાણ સંપત્તિ કેસમાં તપાસ કરવા માટે સીબીઆઈની ક્યારેય પણ સુચના આપવામાં આવી ન હતી. રૂપિયા ૧૭ કરોડના તાજ હેરિટેજ કોરીડોર કૌભાંડમાં એફઆઈઆર દાખલ કરવાનો આદેશ કરતી વેળા અપ્રમાણ સંપત્તિ કેસમાં તપાસ કરવા માટે સૂચના આપવામાં આવી ન હતી. સુપ્રીમ કોર્ટે આજે ઘણા મહત્વના તારણો આપ્યા હતા. સુપ્રીમે કહ્યું હતું કે સીબીઆઈએ માયાવતીની સામે અપ્રમાણ સંપત્તિ કેસ નોંધવો જોઈતો ન હતો. કારણ કે આ કોર્ટ તરફથી આની નોંધણી કરવા માટે કોઈ આદેશ કરવામાં આવ્યો ન હતો. સુપ્રીમ કોર્ટે માયાવતી સામે અપ્રમાણ સંપત્તિ કેસમાં સીબીઆઈ દ્વારા દાખલ કરવામાં આવેલી એફઆઈઆરને રદ કરી દીધી હતી અને કહ્યું હતું કે સીબીઆઈ દ્વારા નોંધવામાં આવેલી એફઆઈઆર ગેરકાયદે હતી. સીબીઆઈએ બે એફઆઈઆર દાખલ કરી હતી જે પૈકી એક તાજ હેરિટેજ કોરીડોર કૌભાંડમાં અને બીજી માયાવતી સામે અન્યમાં દાખલ કરવામાં આવી હતી. માયાવતીએ મે ૨૦૦૮માં એક અપીલ દાખલ કરી હતી જેમાં અપ્રમાણ સંપત્તિ કેસમાં તેમની સામે ફોજદારી કાર્યવાહીને રદ કરવાની માંગણી કરવામાં આવી હતી. ૮ વર્ષ અગાઉ સીબીઆઈ દ્વારા કેસ

નોંધવામાં આવ્યો હતો. તેમની સામે રાજકીય દ્વેષભાવ રાખીને કેસ નોંધવામાં આવ્યો હતો. પી સથાશિવમના નેતૃત્વમાં બેંચે ૧લી મેના દિવસે તેનો ચુકાદો અનામત રાખ્યો હતો. બે કલાક સુધી સુનાવણી ચાલી હતી. આ સુનાવણી દરમિયાન ઉત્તર પ્રદેશના ભૂતપૂર્વ મુખ્યમંત્રીએ તેમની સામે બીએ કેસ ઘડી કાઢવાનો સીબીઆઈ ઉપર આક્ષેપ કર્યો હતો. જો કે સીબીઆઈએ આ આક્ષેપને રદિયો આપ્યો હતો. માયાવતીએ એમ પણ કહ્યું હતું કે બેંચે ઈન્કમ ટેક્સ ટ્રીબ્યુનલ દ્વારા આપવામાં આવેલા આદેશના પાસાંઓ ઉપર વિચારણા કરવા સીબીઆઈને સૂચના આપવી જોઈએ. ઈન્કમ ટેક્સ ટ્રીબ્યુનલે અગાઉ તેના ચુકાદામાં જણાવ્યું હતું કે માયવતીની સંપત્તિ બિલકુલ પ્રમાણિત છે. દિલ્હી હાઈકોર્ટે પણ તેના આ આદેશને જાળવી રાખ્યો હતો. સીબીઆઈએ એવી દલીલ કરી હતી કે એવા નક્કર પુરાવા છે જે સાબિત કરે છે કે માયાવતીએ આવકના જાણીતા સાધનોની સામે અપ્રમાણ સંપત્તિ એકત્રિત કરી હતી. માયાવતીએ એવી દલીલ કરી હતી કે પક્ષના કાર્યકરો તરફથી દાન તરીકે આ નાણાં મળ્યા હતા.

ભીષણ અથડામણ : કુલ બે આતંકવાદીઓ મોતને ઘાટ

શ્રીનગર, તા. ૬

જમ્મુ કાશ્મીરના કુપવાડા જિલ્લાના હેન્ડવાડા વિસ્તારમાં થયેલી અથડામણમાં બે આતંકવાદીઓ માર્યા ગયા છે. જ્યારે એક જવાનને પણ ઈજા થઈ છે. સેના અને પોલીસે ચોક્કસ બાતમી મળ્યા બાદ સંયુક્ત ઓપરેશન હાથ ધર્યું હતું. શ્રીનગરથી આશરે ૧૦૦ કિલોમીટરના અંદરે સ્થિત નવ ગામ સેક્ટરના બોવાન ગામમાં આ સંયુક્ત ઓપરેશન હાથ ધર્યું હતું. આ વન્ય વિસ્તારમાં આતંકવાદીઓ છૂપાયેલા છે તેવી બાતમી મળી હતી. ઓપરેશન હાથ ધરાયા બાદ સામસામે અથડામણ થઈ હતી જેમાં બે આતંકવાદીઓ માર્યા ગયા હતા. આ ઓપરેશનમાં સ્પેશિયન ઓપરેશન ગ્રુપના એક જવાનને ઈજા થઈ હતી. ઘટના સ્થળેથી મોટી સંખ્યામાં હથિયારો મળી આવ્યા છે.

માર્યા ગયેલા આતંકવાદીઓની ઓળખ થઈ શકી નથી. અત્રે નોંધનીય છે કે જમ્મુ કાશ્મીરમાં ફરી એકવાર આતંકવાદીઓ સક્રિય થઈ ગયા છે. કારણ કે ગઈકાલે પણ કુપવાડાના બેનગસ ખીણમાં સેના અને પોલીસ સાથેની અથડામણમાં ત્રણ આતંકવાદીઓ માર્યા ગયા હતા. આતંકવાદીઓ સામે વારંવાર તપાસ ઓપરેશન ચાલી રહ્યું હોવા છતાં આતંકવાદીઓ ગુપ્ત રીતે છૂપાયેલા છે. ઘાયલ થયેલા જવાનને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરાયો હતો. ગઈકાલે થયેલી અથડામણમાં એક આર્મી જવાન અને એક પોલીસ જવાનને ઈજા થઈ હતી. ૨૯મી જૂનના દિવસે હેન્ડવાડા વિસ્તારમાં સુરક્ષા દળો સાથેની અથડામણમાં એક આતંકવાદી માર્યો ગયો હતો.

વન-ડે ક્રિકેટમાંથી નિવૃત્તિની કોઇ યોજના નહીં : તેંદુલકર

નવી દિલ્હી, તા.૫

વન-ડે ક્રિકેટની નિયમિતપણે આરામ મેળવવાના બહાને દૂર રહેવા છતાં સચિન તેંડૂલકરે આજે સ્પષ્ટ કહી દીધું હતું કે, હાલના તબક્કે વન-ડે ક્રિકેટમાંથી નિવૃત્તિ લેવાની કોઇ યોજના નથી, જ્યાં સુધી રમતનો આનંદ ઉઠાવતો રહીશ ત્યાં સુધી રમવાનું ચાલુ રાખવાનો હુંકાર લીજેન્ડ બેટ્સમેન સચિન તેંડૂલકરે આજે કર્યો હતો.

ગત વર્ષે રમાયેલ વિશ્વકપમાં ટીમ ઇન્ડિયા ચેમ્પિયન બન્યા બાદ સચિન તેંડૂલકર માત્ર બે જ આંતરરાષ્ટ્રીય વન-ડે શ્રેણી રમ્યો છે. ચાલુ માસના અંતે યોજાનારા શ્રીલંકા પ્રવાસમાંથી પણ તે ખસી ગયો છે. જેના પગલે વન-ડે ક્રિકેટમાંથી તેની નિવૃત્તિની અટકળો કરી એક વખત તેજ બની છે. જો કે ૩૯ વર્ષીય માસ્ટર બ્લાસ્ટર સચિને આજે સ્પષ્ટ સંકેત આપ્યો હતો કે, આવી અટકળો તેને ક્યારેય કોઇ અસર કરતી નથી. એક અગ્રણી ટીવી ચેનલને આપેલી મુલાકાતમાં સચિને કહ્યું હતું કે, એક્સવાયઝેડ શું વિચારે તેનાથી મને કોઇ મતલબ નથી. હું શું વિચારું છું તે મારા માટે મહત્વનું છે. જ્યાં સુધી હું આનંદ મેળવતો રહીશ ત્યાં સુધી વન-ડે ક્રિકેટ રમતો રહીશ અને ટીમનો ભાગ બનતો રહીશ. ૨૦૦૭માં ટી-૨૦ ટીમનો ભાગ બનવા હું તૈયાર ન હતો પણ મને રમવા સૂચન કરાયું હતું. પરંતુ ટીમ સારું પ્રદર્શન કરતી હોવાથી ટી-૨૦ ટીમનો ભાગ બનવા હું તૈયાર નહતો.

જ્યારે વન-ડે ક્રિકેટ અંગે પણ મને લાગશે ત્યારે નિવૃત્તિનો નિર્ણય કરી લઇશ. પોતાના બાળકો સાથે વધુ સમય વિતાવવા હેતુ શ્રીલંકા પ્રવાસમાં સામેલ ન થયો હોવાનું સચિને જણાવ્યું હતું.

આ અંગે બીસીસીઆઇ સાથે વાત કરી વિનંતી કરી હતી. બાળકો સાથે સમય પસાર કરવો તે પણ મહત્વની બાબત છે. જ્યારે અમે ઘરે હોઇએ ત્યારે બાળકો શાળાએ જતાં હોય છે. જેથી અત્યારે સમય હોવાથી તેમને આપવો જરૂરી છે. ક્રિકેટમાંથી નિવૃત્તિ પછીના જીવન અંગે હાલ કોઇ વિચારણા કરી ન હોવાનું પણ સચિને અંતે કહ્યું હતું. જ્યારે આ સમય આવશે ત્યારે આ અંગે વિચારીશ. દરેક લોકો અલગ-અલગ વિચારતા હોય છે.

આઈસ્ક્રીમ પાર્લર સેક્સ કૌભાંડમાં કેરળને નોટિસ

નવી દિલ્હી, તા. ૬

એક મહત્વપૂર્ણ ઘટનાક્રમમાં સુપ્રીમ કોર્ટે સનસનાટીપૂર્ણ આઈસ્ક્રીમ પાર્લર સેક્સ કૌભાંડમાં કેરળ સરકારને નોટિસ ફટકારી છે. ભૂતપૂર્વ મુખ્યમંત્રી અચુથાનંદન દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીના આધાર ઉપર આ નોટિસ આપવામાં આવી છે. આઈસ્ક્રીમ પાર્લર સેક્સ કૌભાંડમાં ફસાયેલા હાઈપ્રોફાઈલ રાજકારણીઓને બચાવી લેવા તપાસ દરમિયાન પુરાવા તરફ ધ્યાન ન આપવા પોલીસને ફરજ પાડવાનો કોંગ્રેસના નેતૃત્વમાં સરકાર ઉપર અરજીમાં આક્ષેપ કરવામાં આવ્યો હતો. જસ્ટિસ જી એસ સિંઘવી અને એસ જે મુકોપાધ્યાયની બનેલી બેંચે કેરળ સરકારના વાંધાને ફગાવી દઈને નોટિસ ફટકારી હતી. ભૂતપૂર્વ મુખ્યમંત્રીએ હાઈકોર્ટ સમક્ષ સીલ કવરમાં સુપરત કરવામાં આવેલા એક્શન ટેકન રિપોર્ટની નકલ માંગીને અરજી કરવામાં આવી હતી. હાઈકોર્ટ દ્વારા તપાસ ઉપર ચાંપતી નજર રાખવામાં આવી રહી છે.

રાજ્યના વકીલે રજૂઆત કરી હતી કે આ અરજી હવે બિનજરૂરી બની ગઈ છે. કારણ કે પોલીસ આ કેસમાં ચાર્જશીટ દાખલ કરી ચૂકી છે. આ સનસનાટીપૂર્ણ મામલો સપાટી ઉપર આવ્યા બાદ રાજકારણમાં ખળભળાટ મચી ગયો હતો.

સંપત્તિ કેસમાં જગનમોહનની પૂછપરછ કરવા ઈડીને મંજુરી

હૈદરાબાદ, તા. ૬

વાયએસઆર કોંગ્રેસ પાર્ટીનાં નેતા જગનમોહન રેડ્ડીને આજે વધુ એક પીછેહઠ સાંપડી હતી કારણ કે ખાસ અદાલતે ગેરકાયદે સંપત્તિ કેસનાં સંબંધમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી)ને તેમની પૂછપરછ કરવા મંજૂરી આપી હતી. ૧૪ દિવસ સુધી જગનનની પૂછપરછ કરવા ઈડીને મંજૂરી આપી દેવામાં આવતાં તેમની સામે સકંજો વધુ મજબૂત બન્યો છે. સીબીઆઈ કોર્ટે કરપ્પાનાં સંસદ સભ્ય તરીકે જગનની પૂછપરછ કરવા મંજૂરી અપાતાં તેમનાં સમર્થકોમાં નારાજગી દેખાય રહી છે. ચંચલગુડાની સેન્ટ્રલ જેલમાં જગનમોહનની પૂછપરછ કરવામાં આવશે. ઈડીની અરજી પર તેનો ચુકાદો ૨ જુલાઈનાં દિવસે અનામત રાખનાર કોર્ટે ૭ જુલાઈથી ૨૧ જુલાઈ વચ્ચે જગનની



પૂછપરછ કરવા કેન્દ્રીય સંસ્થાને મંજૂરી આપી દીધી છે. ઈડીના અધિકારીઓ દરરોજ સવારે ૧૦ વાગ્યેથી સાંજના ૫ વાગ્યાના ગાળામાં તેમનાં વકીલની હાજરીમાં જગનની પૂછપરછ કરશે. સીબીઆઈ કોર્ટે ઈડીની અરજી સામે જગનમોહન દ્વારા ઉઠાવવામાં આવેલાં વાંધાઓને ફગાવી દીધી હતી. તેમની વળતી અરજીમાં સાંસદે આ અરજીને ફગાવી દેતાં કોર્ટને અનુરોધ કર્યો હતો. જગનમોહને દલીલ કરી હતી કે, તેઓ હવે જગતી પબ્લિકેશનનાં ચેરમેન અથવા તો ડિરેક્ટર તરીકે રહ્યાં નથી, જેમાં રોકાણ કરવામાં આવ્યું હતું. ઈડી દ્વારા આ રોકાણમાં ઉંડી ચકાસણી કરવામાં આવી રહી છે. જગતી પબ્લિકેશન દ્વારા એક તેલુગુ અખબાર સાક્ષી પણ પ્રકાશિત કરવામાં આવે છે, આને કેટલીક કંપનીઓ તરફથી જંગી મૂડીરોકાણ મળ્યું હતું. તત્કાલીન વાયએસ રાજશેખર રેડ્ડી દ્વારા કંપનીની તરફેણ કરવા બદલ બદલામાં આ કંપનીઓ તરફથી રોકાણ પબ્લિકેશનને મળ્યું હતું. ઈડી દ્વારા પ્રવેન્શન ઓફ મની લોન્ડરીંગ એક્ટ અને ફોરેન એક્સચેંજ મેનેજમેન્ટ એક્ટનાં ભંગ બદલ જગનમોહન સામે કેસ કરવામાં આવી ચૂક્યો છે. ઈડીએ ગયા મહિને ઉદ્યોગપતિ એમ.પ્રસાદ, સસ્પેન્ડ કરવામાં આવેલાં અધિકારી બી.પી.આચાર્ય અને અન્ય એક અધિકારી કેવી બ્રહ્માનંદ રેડ્ડીની ચંચલગુડાની જેલમાં પૂછપરછ કરી હતી. જગનમોહનની ૨૭ મેનાં રોજ સીબીઆઈ દ્વારા ધરપકડ કરવામાં આવી હતી. હાઈકોર્ટે ૪ જુલાઈનાં દિવસે તેમની જામીન અરજી ફગાવી દીધી હતી.

મહેન્દ્રસિંહ ધોનીની સહેવાગ દ્વારા ટીકા

નોઇડા,તા. ૬

ભારતના વિસ્ફોટક બેટ્સમેન વિરેન્દ્ર સહેવાગે સાફ શબ્દોમાં કહ્યું છે કે માત્ર મહેન્દ્રસિંહ ધોનીની કેપ્ટનશીપના કારણે ભારતે વિશ્વકપ જીતવામાં સફળતા મેળવી ન હતી. સહેવાગે કહ્યું હતું કે ધોનીએ જ વિશ્વકપ જીતાડ્યુ ન હતું. સહેવાગના આજના નિવેદનથી ફરી સ્પષ્ટ થાય છે કે ટીમમાં ધોની અને સહેવાગ વચ્ચે ખેંચતાણની સ્થિતી રહેલી છે. સહેવાગનું કહેવું છે કે ભારતે સારી ટીમના કારણે ૨૦૧૧માં વિશ્વકપ જીતવામાં સફળતા મેળવી હતી. નોઇડામાં સબા કરીમ જેનેસીસ પ્રો ક્રિકેટ સેન્ટરની ઉદ્‌ઘાટન કર્યા બાદ પત્રકારો સાથે વાતચીત કરતા સહેવાગે કહ્યું હતું કે ભારતે સારી ટીમના કારણે વિશ્વકપ જીતવામાં સફળતા મેળવી હતી. ધોનીના કારણે ભારતે ૨૦૦૭માં ટ્વેન્ટી-૨૦કપ, ૨૦૧૧માં વિશ્વકપ જીતવામાં સફળતા મેળવી હતી તેવા એક પ્રશ્નના જવાબમાં સહેવાગે કહ્યું હતું કે ધોનીને એક મજબુત ટીમ મળી

હતી. જ્યારે એક મજબુત ટીમ મળે છે ત્યારે સારો દેખાવ કરવાની બાબત સરળ બની જાય છે. એક વખતે ઓસ્ટ્રેલિયન ટીમ સાથે પણ આવુ જ હતું. અમારી ટીમ ખુબ જ મજબુત હતી. ટીમને ધોનીના નેતૃત્વની પણ મદદ મળી હતી. સહેવાગે કહ્યું હતું કે શ્રીલંકાના પ્રવાસમાં સચિન તેન્ડુલકરની ગેરહાજરીથી નુકશાન થશે પરંતુ કઈ શ્રેણીમાં રમવું જોઈએ અને કઈ શ્રેણીમાં નહીં રમવુ જોઇએ તે અંગે નિર્ણય કરવાનો અધિકાર સચિન તેન્ડુલકરનો છે. સહેવાગે કહ્યું હતું કે સમગ્ર દેશ સચિનના ચાહકો છે. સચિનને રમતા જોવા ચાહકો ઈચ્છુક છે. પરંતુ ચાહકો અને તમામ લોકોએ હવે સમજવું જોઇએ કે સચિન હવે ૩૯ વર્ષનો થઇ ગયો છે. જેથી કઇ શ્રેણીમાં રમશે અને કઇ શ્રેણીમાં રમશે નહીં તે અંગે તે જાતે નિર્ણય લેશે.

ઓછાં વરસાદથી ઉત્પાદન ઘટશે અને મોંઘવારી વધશે

નવીદિલ્હી, તા. ૬

ભારતનાં ચાવીરૂપ કઠોળનું ઉત્પાદન કરતાં દક્ષિણ અને પશ્ચિમી રાજ્યોમાં ઓછાં વરસાદનાં કારણે વાવણીને માઠી અસર થઈ છે જેથી પહેલી જુલાઈથી શરૂ થયેલાં વર્ષ ૨૦૧૨-૧૩નાં વર્ષમાં ઉત્પાદન ઘટવાની સંભાવના દેખાય રહી છે. કૃષિમંત્રી શરદ પવારે આ મુજબની કબૂલાત કરી છે. ઉત્પાદન ઘટવાથી પહેલાંથી જ મોંઘવારીથી પરેશાન લોકોને વધુ કિંમતો દરેક ચીજ-વસ્તુ માટે ચૂકવવી પડે તેવા સંકેત દેખાય રહ્યા છે. ફુગાવો વધવાનાં પણ એંધાણ દેખાય રહ્યાં છે. કઠોળનાં ઓછાં ઉત્પાદનથી વિશ્વનાં સૌથી મોટા ઉત્પાદક અને વપરાશકાર ભારતમાં કઠોળની આયાત કરવાની ફરજ પડી શકે છે. મહારાષ્ટ્ર, કર્ણાટક અને આંધ્રપ્રદેશમાં જૂનમાં ઓછો વરસાદ પડ્યો છે જે કઠોળનાં ઉત્પાદન માટે જરૂરી હોય છે. વાવણીમાં વિલંબ થયો છે જેથી વર્ષ ૨૦૧૨-૧૩માં કઠોળનાં ઉત્પાદનને માઠી અસર થશે. ભારતીય ભોજનમાં કઠોળ અતિમહત્વપૂર્ણ છે. કઠોળનું યોગદાન ભારતનાં ફુગાવામાં ૦.૭૨ ટકાની આસપાસ છે. ફુગાવો હાલ ૭.૫૫ ટકાની આસપાસ છે.

ભારતનાં ૫૫ ટકા પાણીનાં સોર્સ તરીકે ઉપયોગી જૂન-સપ્ટેમ્બર મોનસૂન વરસાદને ગણવામાં આવે છે. ભારતનાં ૧.૨ અબજ લોકો વિશ્વમાં ચોખા, ખાંડ અને અનાજનાં સૌથી વધુ વપરાશકારો તરીકે છે. વરસાદની અછતથી પંજાબ, હરિયાણા જેવા રાજ્યોમાં ચોખાનાં ઉત્પાદન પર માઠી અસર થશે.

શબ્દ સેતુ (પાના નં. ૪ નું ચાલુ)

● નોકરી દરમિયાન રાજભવનમાં મારા ખર્ચે વાંચનાલય-પુસ્તલાય શરૂ કરાવેલ, જે પાછળથી નામ, રાજ્યપાલશ્રીએ સરકારી ખર્ચે ચાલુ રાખેલ.

● રાજભવનમાં વર્ગ-૪ના કર્મચારીઓ માટે રહેણાંકનાં ૨૦ મકાનોની સોસાયટી શરૂ કરાવી.

● 'વાંચે દલિત અભિયાન' તળે ૧૨ (બાર) ગામોમાં પુસ્તકાલયો શરૂ કરાવ્યાં.

● દલિતો - શોષિતો ઉપરનાં અત્યાચારમાં અને હિજરતી દલિતોને આર્થિક અને સામાજિક રીતે મદદરૂપ થવા પ્રયત્નો કર્યાં છે. તથા લોકો મેગેઝીનો વાંચી શકે તે માટે, મેગેઝીનનાં લવાજમો મેં ભરીને લોકોને વાંચન પ્રતિ પ્રેર્યા છે, દોર્યા છે અને આ તરફ મારા પ્રયત્નો અવિરત ચાલુ છે.

સમાચાર સેતુ

● ગાંધીનગર સાહિત્ય સભાનાં સંવર્ધક સભ્યશ્રી ગુલાબચંદ એન. પટેલ (કવિ - લેખક) ને, વ્યસનીઓને સમજાવી વ્યસનમુક્ત કરાવવાના ભગીરથ કાર્ય અને જીવનમાં સારી વાતનો સ્વીકાર અને નુકશાન કરનારી વાતોનો ત્યાગ માટેનાં સ્વર્ણિમ કાર્યો બદલ ''આશીર્વાદ એજ્યુકેશન ટ્રસ્ટ'' અમદાવાદ દ્વારા ''ધરતી રત્ન '' એવોર્ડ - ૨૦૧૧/૧૨ થી, મહામહિમ રાજ્યપાલ ડૉ. કમલાજીનાં હસ્તે નવાજવામાં આવ્યાં છે, તે બદલ ગાંધીનગર સાહિત્યસભા તરફથી ખૂબ ખૂબ અભિનંદન.



● મહેશ 'સપનાવાલા' ના સૌજન્યથી વાત્સલ્યમૂર્તિ માની વિવિધ છબિઓનું નિરૂપણ કરતાં ગીત, ગઝલ, સૉનેટ, મુક્તક, લઘુકાવ્ય કે અછાંદસ જેવા કોઈ પણ સ્વરૂપમાં રચાયેલાં કાવ્યોનાં સંકલન માટે કવિ મિત્રોને સત્વરે પોતાની રચનાઓ હસમુખ શાહ 'બેઝાર' - ૧૦૧, મધુવન એવન્યુ, પ્રજાપતિ પાર્ક પાસે, ડૉ. જીવરાજ મહેતા હૉસ્પિટલ માર્ગ, વાણસા, અમદાવાદ - ૩૮૦૦૦૭ ને મોકલવા નિમંત્રણ આપવામાં આવેલ છે.

સાહિત્ય પ્રેમી અશ્વિનભાઇ પટેલ

જયાં અજ્ઞાન છે ત્યાં દુઃખ અને ગરીબી છે. જયાં જ્ઞાન છે ત્યાં સુખ અને પૈસો છે. અજ્ઞાન દૂર કરવા માટે પુસ્તકો વાંચવા જરૂરી છે, અનિવાર્ય છે. પુસ્તકો જ્ઞાનનો ભંડાર છે. દુનિયા પર માત્ર પુસ્તકોનું જ રાજ છે. આજ સુધીની મનુષ્યની મોટામાં મોટી કોઈ રચના હોય તો તે પુસ્તક છે. જો પુસ્તકો જ ન હોત તો હજુ પણ માનવી આદિમાનવ જ હોત. આ મોંઘવારીના જમાનામાં સારા લેખકોના પુસ્તકો મોંઘા થાય છે. સરકાર ગરીબી દૂર ઈચ્છે છે અને પુસ્તકો મોંઘા બનતા જાય છે. તો સરકારનાં 'વાંચે ગુજરાત' અભિયાન હેઠળ એક વરસ સુધી સારા લેખકો જેવાં કે - ગુણવંત શાહ, સુરેશ દલાલ, તારક મહેતા, ડૉ. રતિલાલ બોરીસાગર, સ્વામી સચ્ચીદાનંદ, ચંદ્રકાન્ત બક્ષી, અશોક દવે, શાહબુદ્દીન રાઠોડ, જગદીશ ત્રિવેદી વગેરેના ઉત્તમ પુસ્તકો ૫૦% વળતરથી ઘરે બેઠા પહોંચાડવાનું એક આદર્શ ઉમદા હેતુવાળું કાર્ય શ્રી અશ્વીનભાઈ પટેલે હાથ ધર્યું છે. આ માટે રસ ધરાવનારે ફોન નં. ૯૪૨૮૩૫૪૨૮૯ પર ફોન કરી આ સ્કીમનો લાભ લેવો. ખરેખર તો આવાં કાર્યો દરેક પુસ્તક વિક્રેતાએ કરવા જોઈએ. દા.ત. વૉલ માર્ટના અમૅરિકન મૉલ પોતાના ગ્રાહકોને ઉત્તમ ફાયદો થાય તેવા વાજબી દરે વસ્તુઓનું વેચાણ કરે છે. સૌ કોઈ વૉલમાર્ટ ઈચ્છે છે પણ વૉલમાર્ટ જેવી નીતિ અપનાવવા તૈયાર નથી. આ મોંઘવારીના જમાનામાં લોકોને સસ્તી જીવન જરૂરીયાતની વસ્તુઓ મળી રહે માટે વૉલ માર્ટ જેવી નીતિ અપનાવી અત્યંત સસ્તા દરે વસ્તુઓ વેચવાનું અશ્વીનભાઈની વિચારણા હેઠળ છે. જે કદાચ ટૂંક સમયમાં અમલમાં પણ આવશે.

આગવો માણસ - આપણો માણસ ● બીજા પાનાનું અનુસંધાન

આજે પણ લંબાવતા નથી ! સામેથી મળતી ભાગીદારી ખપતી નથી ! કેશુભાઈ એટલે યશની અપેક્ષાની નહીં, રાજકારણમાં રસ નહીં, નામની ખેવના નહીં ! કેશુભાઈ એટલે કેવળ નિસ્વાર્થ સેવા !

૨૦૦૨માં ગોધરાકાંડ પછી કહેવાતી પ્રતિક્રિયામાં નરોડાપાટિયા કાંડ સર્જાયો. લઘુમતી કોમનો એક આખો પરિવાર બદલાની આગમાં ક્રૂરતાથી ભૂંજાઈ ગયો. આઠ આઠ સભ્યોના અકુદરતી સંજોગોમાં મોત થયાં. આ આઠ મૃતકો એટલે કેશુભાઈના પત્ની, બે પુત્રો, બે પૂત્રવધુઓ, એક પૌત્ર અને બે પૌત્રી ! ઘટના કઠણ કાળજાના માનવીને પણ હચમચાવી દે તેવી હતી. તેઓ સ્હેજ પણ વિચલિત ન થયા. ઘૃણાનો લેશમાત્ર ભાવ ન પ્રગટ્યો ચહેરાપર કે ન જન્મ્યો દિલમાં ! જાણે કશું જ બન્યું નથી તેવા ભાવ સાથે કોમી એકતાનતા પ્રતીક કેશુભાઈએ સવાયા હિન્દુ બનીને પોતાની સેવાપ્રવૃત્તિઓ યથાવત રાખી. સાંપ્રદાયિક ઉચ્છૃંખલાથી પર રહીને તેઓએ રથયાત્રા દરમિયાન બિનસાંપ્રદાયિક સદભાવના ટ્રષ્ટના બેનર સાથે ફરીને હિન્દુધર્મપ્રેમીઓના દિલ જીત્યાં. નવરાત્રિમાં માતાજીની આરતી ઉતારી. મુસ્લીમ હોવા છતાં કેશુભાઈએ હિન્દુ તહેવારમાં સાથ, સહકાર અને સંપ સાથે ચા-પાણીની સેવાઓ કરી સમાજમાં સાંપ્રદાયિક સદ્‌ભાવનાનો ઉત્કૃષ્ટ દાખલો બેસાડ્યો. એકવાર નિરાધાર હાલતમાં મળેલી મૂકબધિર આસામી છોકરીને પોતાના ઘરે લાવી, પોતાની દીકરીની જેમ આશરો આપીને તથા ધર્મ, નાત જાતના ભેદભાવ વિના ગરીબ બાળકોને અભ્યાસમાં સહાય કરીને તેઓએ માનવતાને મહેકાવી છે. કેશુભાઈ જન્મે મુસ્લિમ છે, કર્મે અને ધર્મે તેઓ મુઠ્ઠી ઊંચેરા માનવી છે. મુસ્લીમને માંસાહાર ખપતી વાત છે છતાં તેઓ તેના વિરોધી છે. પુત્રીના નિકાહ વખતે યારદોસ્તોને ગુજરાતી થાળી પીરસીને તેઓએ મુસ્લીમ બિરાદરો સાથે હિન્દુ મિત્રોને પણ આશ્ચર્યચકિત કરી દીધા હતા.

કેશુભાઈ કોઈપણ સંસ્થાના સભ્ય નથી (કેશુભાઈ ખુદ એક સંસ્થા છે !) છતાં તમામ સંસ્થાઓ તેમને આમંત્રિત તરીકે બોલાવીને પોતાની સંસ્થાનું ગૌરવ વધારે છે. તેઓ માને છે કે સંસ્થા રચીએ તો સભ્યો હોય અને સભ્યો હોય તો મતમતાંતર હોય ! એક વ્યક્તિ ધાર્યા કામો કરી શકે છે. 'એકલો જાને રે'માં માનનારા કેશુભાઈ કહે છે કે હું જીવીશ ત્યાં સુધી મારા પૈસે અને એકલા હાથે આ સેવા કરીશ ! ગુજરાતના જે તે વખતના રાજ્યપાલ, મુખ્યમંત્રી, અન્ય મંત્રીઓ, ધારાસભ્યો, સામાજિક સંસ્થાઓ, પાંજરાપોળો, ગૌશાળાઓ અને શહેરના આગેવાનોએ તેમને વખતોવખત લેખિત પ્રશસ્તિપત્રો દ્વારા બિરદાવીને તેમનો ઉત્સાહ વધાર્યો છે. નેશનલ કોમ્યુનલ હાર્મની એવોર્ડ, સાંપ્રદાયિક સદભાવ એવોર્ડ, બજાજ એવોર્ડ, બજાજ પુરસ્કાર, ડૉ આંબેડકર એવોર્ડ અને મહાવીર પુરસ્કાર માટે જે તે વખતે કેશુભાઈના નામની ઉચ્ચ કક્ષાએથી ભલામણો થયેલ છે. રાજ્યના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગ દ્વારા સને ૨૦૦૩માં શ્રી કેશુભાઈને પ્રશંસાપત્ર અને રોકડ ઈનામ આપવાની જાહેરાત થઈ હતી. જો કે કોઈ કારણોસર આ સન્માનથી તેઓ વંચિત રહ્યા છે છતાં તેમની સેવાકીય પ્રવૃત્તિમાં લેશમાત્ર ઓટ આવી નથી. કેટલાક આગેવાનોનું માનવું છે કે કોમી એકતાના પ્રતીકસમા કેશુભાઈની કેટલીય ભૂગર્ભ સેવાકીય પ્રવૃત્તિઓ હજુ પ્રસિધ્ધિથી પર છે. કેશુભાઈ કહે છે કે કામના બદલામાં ગમે તેટલાં સર્ટીફીકેટ મળે તે બધાં નકામાં, કુદરતનું સર્ટીફીકેટ મળે તે જ કામનું !! પ્રસિધ્ધિથી દૂર ભાગતાં તેઓ કહે છે કે આપણાં કામોની નોંધ ભગવાનના ચોપડે થાય તે જરૂરી છે. ગરવી ગુજરાતના ગૌરવવંતા મુસ્લિમો પુસ્તકના લેખક શ્રી અકબરઅલી સૈયદે કેશુભાઈ ઘાસવાલાને મૂંગા પશુઓના ખાદિમ તરીકે ઓળખ્યા છે. તમારી તાકાત કોણ ? તેના ઉત્તરમાં તેઓ આકાશ તરફ આંગળી ચીંધે છે. કહે છે 'હાજા મીન ફજલે રબી' અર્થાત્ પ્રભુની ઈચ્છા વિના કાંઈ જ થતું નથી ! જનકલ્યાણાર્થે આખું આયખું સમર્પિત કરી દેનાર આ અદના માનવીને સદભાવનાભરી સો સો સલામ !!!

ખુદા તારી કસોટીની પ્રથા સારી નથી હોતી, જે સારા હોય છે તેની દશા સારી નથી હોતી !... બેફામ